# ૪ સપ્ટેમ્બર –૨૦૧૬ (રવિવાર)

**(૧) વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વિદેશ પ્રવાસ :**

- વિયેતનામ :
- વિયેતનામની મુલાકાતે પહોચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બંને દેશો વચ્ચે સંરક્ષણ, આરોગ્ય અને અંતરિક્ષ સહીતના ક્ષેત્રોમાં ૧૨ કરાર પર હસ્તાક્ષર કર્યા.
- પ્રવાસ દરમિયાન વડાપ્રધાને સંરક્ષણ સહકાર અંતર્ગત ૫૦ કરોડ ડોલર (રૂા. ૩૩૫૦ કરોડ)ની સહાય આપવાની જાહેરાત કરી.
- આ ઉપરાંત ભારત વિયેતનામાં સોફ્ટવેર પાકે બનાવવા માટે ૫૦ લાખ ડોલરની સહાય કરશે.
- તેમજ ભારત અને વિયેતનામે વર્ષ ૨૦૧૭ને મિત્રતા વર્ષ મનાવવાના બંને દેશના પ્રોટોકોલ પર પણ સદી કરી હતી.
- વિયેતનામ વડાપ્રધાન : ન્યુગેન શુયાન કૂક
- વિયેતનામ રાષ્ટ્રપતિ : ત્રાન દાઇ ક્વાંત
- ભારતની એલ એન્ડ ટી કંપની
  વિયેતનામના દરિયાઇ સુરક્ષા દળો માટે હાઇટેક સ્પિડ બોટનું ઉત્પાદન કરશે.

**(૨) મધર ટેરેસા સંત ઉપાધીથી વિભૂષિત :**

- મધર ટેરેસા બન્યા કોલકત્તાના સંત
- ગરીબોની સેવામાં સમગ્ર જીવન સમર્પિત કરી દેનાર ખ્રિસ્તી સાધ્વી મધર ટેરેસાને ૪ સપ્ટેમ્બરના રોજ સંત જાહેર કરાયા
- કેથલિક સંપ્રદાયના મુખ્યમથક વેટિકન ખાતે પોપ ફ્રાન્સિસે ૧ લાખ શ્રદ્ધાળુઓની મેદની વચ્ચે આ જાહેરાત કરી.
- ભારત તરફથી વિદેશમંત્રી સુષમા સવરાજ, પં.બંગાળના સીએમ મમતા બેનરજી અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ પણ હાજર રહ્યા હતા.
- ૮ વર્ષમાં ચોથા ભારતીય સંત જાહેર થયા મધર ટેરેસા
- કેવી રીતે અપાય છે સંતની ઉપાધિ :
- ચર્ચની સમિતિ વ્યક્તિના મૃત્યુના પાંચ વર્ષ બાદ તેના જીવન અને કાર્યોની સમિક્ષા કરે છે.
- મધર ટેરેસાના મામલામાં આ નિયમ તોડી ત્રણ વર્ષમાં જ પ્રક્રિયા શરૂ કરી દેવાઇ હતી.
- વ્યક્તિના નિધન બાદ વ્યક્તિ પવિત્ર હતી તેવા પુરાવા મળ્યા બાદ તેને 'ધન્ય' જાહેર કરાય છે.
- ધન્ય જાહેર થયા બાદ વ્યક્તિ દ્વારા થયેલા બે ચમત્કારના પુરાવા શોધાય છે.
- સંતની ઉપાધિ માટે બે ચમત્કાર સામે આવવા જરૂરી છે.
- મધર ટેરેને ફક્ત ૧૯ વર્ષમાં સંત જાહેર કરી દેવાયા છે.

કોણ છે મધર ટેરેસા :

- ૨૬ ઓગસ્ટ, ૧૯૧૦ના રોજ મેસેડોનિયા ગણરાજ્યના એલ્બેનિપાઇ પરિવારમાં જન્મેલા મધર ટેરેસા રોમન કેથલીક સાધ્વી હતા.
- માત્ર ૧૮ વર્ષની ઉમરે ઘરનો ત્યાગ કર્યો
- ૧૯૨૯માં ભારત આવ્યા.
- ૧૯૪૩ બંગાળમાં પડેલા દુષ્કાળથી હજારે લોકોના મોત થયા હતા. આ વખતે તેમણે લોકોની ખૂબ જ સેવા કરી હતી.
- ૧૯૫૦ માં તેમણે કોલકત્તામાં મિશનરીઝ ઓફ ચેરિટીની સ્થાપના કરી.
- છેલ્લા શ્વાસ સૂધી લોકોની સેવા કરતાં કરતાં ૫ સપ્ટેમ્બર, ૧૯૯૭ના રોજ તેમનું નિધન થયું.
- ૧૯૮૦માં ભારત સરકાર દ્વારા તેમને સર્વોચ્ચ નાગરિક સન્માન ' ભારતરત્ન' થી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- ૧૯૭૯માં શાંતીના નોબેલ પ્રાઇઝથી સન્માનિત કરવામાં આવ્યા.
- આ ઉપરાંત તેમને ૧૯૬૨માં રેમન મેગ્સેસે એવોર્ડ તેમજ ૧૯૭૩માં ટેમ્પલટન પ્રાઇઝથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પોપ ફ્રાન્સિસ કોણ છે ? :

- પોપ રોમન કેથલિક સર્વોચ્ચ ધર્મગુરૂ છે.
- માર્ચ, ૨૦૧૩માં પોપને પસંદ કરવામાં આવ્યા હતા.
- ૧૦૨ અબજ કેથોલિક ખ્રિસ્તીઓના ધર્મગુરૂ બનતા પહેલા પોપનું મૂળનામ જ્યોર્જ મારિયો બર્ગોલિયો હતું.
- આર્જિન્ટિનાના જ્યોર્જ મારિયો ૨૬૬માં પોપ છે.
- પોપનું નિવાસસ્થાન વેટિકન સિટીમાં હોય છે.

પ્રશ્નો :

(૧) સપ્ટેમ્બર, ૨૦૧૬માં વડાપ્રધાને પ્રથમ કયાં દેશની મુલાકાત લીધી ?
- વિયેતનામ

(૨) વિયેતનામ પ્રવાસ અંતર્ગત કેટલા કરાર થવા ?
- ૧૨

(૩) ભારત વિયેતનામને કેટલી રકમ આપવાની જાહેરાત કરી ?
- ૫૦ કરોડ ડોલર

(૪) ભારત– વિયેતનામ ૨૦૧૭નું વર્ષ કઇ રીતે ઉજવશે ?
- મિત્રતા વર્ષ

(૫) રોમન કેથેલિક સંપ્રદાયનું મુખ્યમથક કયાં છે ?
- વેટિકન સિટી

(૬) તાજેતરમાં કયાં ભારતીયને સંતની ઉપાધી અપાઇ ?
- મધર ટેરેસા

(૭) મધર ટેરેસાને કયારે સંતની ઉપાધિ અપાઇ ?
- ૪ સપ્ટેમ્બર

(૮) વર્ષ ૧૯૮૦માં ભારત સરકારે મધર ટેરેસાને કયાં એવોર્ડથી સન્માનિત કર્યા હતા ?
- 'ભારતરત્ન'

(૯) કોલકત્તામાં મધર ટેરેસાએ વર્ષ ૧૯૫૦માં શેની સ્થાપના કરી ?
- શિનરીઝ ઓફ ચેરીટી

(૧૦) કયા વર્ષમાં મધર ટેરેસાને શાંતિના નોબેલ પ્રાઇઝથી નવાજ્યા હતા. ?
- ૧૯૭૯